## પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-10-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Friday** **Regional News**

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

...................................

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

**PM-MANN KI BAAT**

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 127મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.**

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

**E-summons technology**

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે ઈ-સમન્સ ટેક્નોલોજીનો અમલ કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. હવે ગુજરાત પોલીસ દ્વારા સમન્સ અને વોરંટની પરંપરાગત મેન્યુઅલ પ્રક્રિયાને આધુનિક સ્વરૂપ આપતાં ઈમેઇલ અને વોટ્સએપ જેવા ડિજિટલ માધ્યમ દ્વારા ઓનલાઈન સમન્સ બજવણી કરવામાં આવી રહી છે. આ ટેક્નોલોજીથી સમન્સ બજાવવાની પ્રક્રિયામાં સમય, માનવબળ અને સંસાધનોનો મોટો બચાવ થવાનો છે. હાલ રાજ્યમાં ૫૦ ટકાથી વધુ સમન્સની બજવણી ઓનલાઈન માધ્યમથી થઈ રહી છે. આ અંગે વધુ માહિતી રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે આપી.

(બાઈટ - વિકાસ સહાય, પોલીસ વડા, ગુજરાત)

**Rain**

હવામાન વિભાગે આવતીકાલે સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ આપ્યું છે. જયારે આજે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની શક્યતા વ્યકત કરી છે.

ગીર સોમનાથના અરબી સમુદ્રમાં ડિપ્રેશન સર્જાતા વેરાવળમાં હાલ વરસાદ થઈ રહ્યો છે. અને વેરાવળ બંદર પર ત્રણ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. માછીમારોને આજે અને આવતીકાલે દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી

છે. હવામાન વિભાગે અગાઉ ડિપ્રેશનના કારણે આજે અને આવતીકાલે હળવાથી મધ્યમ અને છૂટાછવાયા સ્થળોએ વરસાદની શક્યતા વ્યક્ત કરી હતી, જે અનુસાર વેરાવળ વિસ્તારમાં  હાલ વરસાદ વરસી રહ્યો છે જેથી સોમનાથ આવેલા યાત્રિકો પણ મુશ્કેલીમાં મુકાયા  છે.

અમારા મહેસાણાના પ્રતિનિધિના જણાવ્યા પ્રમાણે ઊંઝા અને તેની આસપાસના વિસ્તારોમાં સવારે હવામાનમાં પલટો આવતા વરસાદી માહોલ છવાયો હતો. અને કમોસમી વરસાદ થતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

**Tourists**

દિવાળીના તહેવારોમાં ગાંધીનગરના ઈન્દ્રોડા પાર્કમાં પ્રવાસીઓ ધસારો જોવા મળ્યો હતો. અમારા ગાંધીનગરના પ્રતિનિધિના જણાવ્યા પ્રમાણે ચાર દિવસમાં ૨૦ હજારથી વધુ પ્રવાસીઓએ  ઈન્દ્રોડા પાર્કની મુલાકાત લીધી હતી.

(બાઇટ-એ.સી.ડોડિયા, આરએફઓ,ઇન્દ્રોડા પાર્ક)

**Vajubhai Dodiya - Prayer Meeting**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિરમગામના પૂર્વ ધારાસભ્ય અને અગ્રણી સમાજ સેવક સ્વર્ગસ્થ વજુભાઈ ડોડીયાની પ્રાથના સભામાં ઉપસ્થિત રહી શ્રદ્ધાંજલિ આપી.

શ્રી પટેલે સ્વર્ગસ્થ વજુભાઈ ડોડીયા દ્વારા જાહેરજીવનમાં અને સમાજ માટે અપાયેલા યોગદાનને યાદ કર્યું અને શોકગ્રસ્ત પરિવારજનો સાથે મુલાકાત કરીને તેમને સાંત્વના પાઠવી દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્વર્ગસ્થ વજુભાઈ ડોડીયા વિરમગામ અને સાણંદ વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય તેમજ  એ.ડી.સી બેંક અને ગુજકો માસોલના ડાયરેક્ટર તરીકેની જવાબદારીઓ નિભાવી ચૂક્યા હતા.

આ શ્રદ્ધાંજલિ સભામાં પ્રદેશ ભાજપા અધ્યક્ષ શ્રી જગદીશ વિશ્વકર્મા સહિત રાજકીય, સામાજિક અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા.

**Accident**

ભરૂચના દહેજથી પણિયાદરા ગામ જઇ રહેલ શ્રમજીવીઓનો ટેમ્પો પલટી જતાં છ શ્રમજીવીઓને ઇજાગ્રસ્ત થયા હતા.

ટેમ્પોમાં કુલ 10 શ્રમજીવીઓ સવાર હતાં. અકસ્માત બાદ 108 એમબ્યુલન્સ દ્વારા ઇજાગ્રસ્તોને ભરૂચની સીવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, શ્રમજીવીઓ કડિયાકામ માટે જઇ રહ્યા હતા, તે દરમિયાન આ દુર્ઘટના સર્જાઇ હતી.